# Telephone Conversation between PM and President of the Republic of Uganda

April 09, 2020

# વડાપ્રધાન અને યુગાન્ડા ગણરાજ્યનાં રાષ્ટ્રપતિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 09, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ યુગાન્ડા ગણરાજ્યનાં રાષ્ટ્રપતિ મહામહિમ યોવેરી કાગુટા મુસેવેની સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારીમાંથી ઉદ્ભવતા આરોગ્યનાં અને આર્થિક પડકારો પર ચર્ચા કરી હતી. વડાપ્રધાને મહામહિમ રાષ્ટ્રપતિ મુસેવેનીને ખાતરી આપી હતી કે વર્તમાન આરોગ્યની કટોકટીમાં ભારત આફ્રિકામાં તેનાં મીત્રો સાથે એકતામાં સાથે ઉભો છે, અને યુગાન્ડા સરકારનાં તેનાં ક્ષેત્રમાં વાયરસનાં ફેલાવાને નિયંત્રણમાં લેવાનાં પ્રયાસોમાં તમામ સંભવિત સહાયતા પ્રદાન કરશે.

વડાપ્રધાને વર્તમાન પરિસ્થિતિ દરમિયાન સહિત યુગાન્ડાની સરકાર અને સમાજે ત્યાં વસતા ભારતીયો તરફ દાખવેલા સદભાવ અને પ્રદાન કરવામાં આવેલી સંભાળ માટે પ્રશંસા વ્યક્ત કરી હતી.

વડાપ્રધાને જુલાઇ 2018 માં તેઓની યુગાન્ડાની મુલાકાતને સ્નેહપૂર્વક યાદ કરી હતી, અને ભારત-યુગાન્ડાનાં વિશેષ સ્વભાવનાં જોડાણો પર સ્પર્શ કર્યો હતો.

બન્ને નેતાઓએ આશા વ્યક્ત કરી હતી કે વિશ્વ જલ્દીથી કોવિડ-19 નાં પડકારોમાંથી બહાર આવશે.

**નવી દિલ્હી**
**એપ્રિલ 09, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.